

**તા. ૧૧/૦૮/૨૦૨૫ : C.A Puspendra Sir, Jigneshbhai (PSP Educate India Institute, Vadodara)** ધો. ૧૧ અને ૧૨ કોમર્સ અં.મા. અને ગુ.મા.ના વિદ્યાર્થીઓને ધો -૧૨ પછી કયા ક્ષેત્રમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી શકાય? એ અંગે ખૂબ ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યુ.કોમર્સના વિદ્યાર્થીઓને Proffessional Course જેવા કે C.A,CMA,CS,ACCA એ શા માટે કરવા જરૂરી છે? એનુ મહત્વ સમજાવી પ્રશ્નોત્તરી દ્વારા સચોટ માર્ગદર્શન આપ્યું.

**તા. ૧૩/૦૮/૨૦૨૫ : મા.શ્રી ભુપેન્દ્રભાઇ દલવાડી (CEO of Bharuch Enviro Infrastucture Ltd.) (BEIL Infrastructure Ltd)**



મા.શ્રી ભૂપેન્દ્રભાઇ દલવાડી સાહેબે જીવનમાં કરેલ સંઘર્ષોની પ્રેરણાત્મક વાત કરી.જેમણે નોકરીની શરૂઆત ૧૯૯૧માં UPL કંપનીમાં Plant Manager & Project Manager તરીકે કરી.જેઓ રાત – દિવસ એક કરી પૂર્ણ નિષ્ઠાથી કામગીરી કરતાં. એમની સફળતાનું મુખ્ય કારણ એ કાર્ય માટે અગાઉથી કરેલું આયોજન હતુ. UPL કંપનીની સફળતામાં તેમનો પણ ફાળો વિશેષ છે.

ઉપરાંત વિદ્યાર્થીઓને સંબોધન આપતા જણાવ્યુ કે આજના હરિફાઇના યુગમાં નોકરી મેળવવા માટે ખૂબ જ સંઘર્ષ કરવો પડે છે.માટે વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પરિણામ સાથે સખત પરિશ્રમથી પોતાનું ભવિષ્ય ઉજળુ બનાવવાનું છે.વિદ્યાર્થીઓએ દરેક કાર્ય પૂર્વ આયોજનથી અને સમર્પણના ભાવથી કરવું દરેક કાર્યનુ પરિણામ કેવુ મળશે? એની તાર્કિક વિચારણા કરવી જેથી લક્ષ્ય સરળતાથી સિદ્ધ થઇ શકે.



**તા. ૧૯/૦૮/૨૦૨૫ : મયુરભાઇ મકવાણા અને વિશાખા પરમાર (Parul University,Vadodara)**

મયુરભાઇ મકવાણા સરે Career Guidance Seminar અંતર્ગત વિદ્યાર્થીઓને ધો ૧૨ પછી કેટલાં Options/Choice છે? જેની સંપૂર્ણ માહિતી આપી સાથે જણાવ્યુ કે પારૂલ યુનિવર્સિટીના કોઇ પણ કોર્સ માટે સ્કોલરશીપ મેળવી ઓછા ખર્ચે C.A, CS, ACCA, MBA, CMA, MCA કરી શકાય છે.ઉપરાંત જણાવ્યુ કે જે વિદ્યાર્થીઓને Art Field માં રસ હોય એવા કોર્સ પણ ઉપલબ્ધ છે. જેવા કે Hotel management, Performing Arts, Design,Aviation Management.

વિદ્યાર્થીઓએ ઉચ્ચ કારકિર્દી બનાવવા માટે માત્ર વધુ માર્ક મેળવવા પર પ્રધાન્ય આપવુ જાઇએ.જેથી શ્રેષ્ઠ યુનિવર્સિટીમાં એડમિશન મળી શકે અને ભવિષ્યમાં કર્મચારી નહી પણ માલિક બનવાની ઇચ્છા રાખીએ.



**તા. ૨૮/૦૮/૨૦૨૫ : C.A Sunny Shah & CS Pankita Shah**

શનિભાઇ શાહ કે જેમણે વિદ્યાર્થીઓને પોતાના જીવનના પ્રેરણાત્મક પ્રસંગો દ્વારા જણાવ્યુ કે જીવનમાં કયારેય નિષ્ફળતાથી હારી ન જવુ સતત મહેનત કરો તો ચોકક્સ સફળતા મળશે.જેઓ પોતે CA ની પરીક્ષામાં વખતો વખત નિષ્ફળતા મેળવ્યા બાદ ૧૦માં વર્ષે C.A. થયા. શનિભાઇ શાહે વિદ્યાર્થીઓ નામાના મૂળતત્વ વિષયના અઘરા ગણાતા ચેપ્ટર જેવાં કે આમનોંધ,ઘસારો,હૂંડી અને વાર્ષિક હિસાબની સરળતાથી સમજ આપી અને નામાના મૂળતત્વ વિષયમાં વધુ માર્ક કેવી રીતે મેળવી શકાય? એ અંગે સચોટ માર્ગદર્શન આપ્યું. પંકિતાબેન શાહે વિદ્યાર્થીઓને મેડિટેશન કરાવી અભ્યાસ અર્થે સતત ચિંતન અને મનન કરવુ જરૂરી છે એનુ મહત્વ સમજાવ્યું.



**તા. ૧૧/૧૨/૨૫ : Mr. Nitin Tailor (Founder & CEO of Serve Happiness Foundation, Bharuch) :** નિતિનભાઇ ટેલર કે જેમણે ૨૦૦૯ માં IIT-Bangalore માંથી શિક્ષણ પ્રાપ્ત કર્યું ઉપરાંત ઉચ્ચ અભ્યાસ અર્થે Sweden ગયા અને ત્યાંની નામાંકિત કંપનીમાં ઊંચા પગાર સાથે નોકરી કરી. પરંતુ ભારત પાછા ફર્યા ત્યારે તેમણે “Back to Swadesh” નો વિચાર આવ્યો અને પોતાની આવડત અને અનુભવનો વિકાસ માટે યોગદાન આપ્યું. તેમણે Serve Happiness Foundation ની શરૂઆત કરી. આ ફાઉન્ડેશન દ્વારા ભારત યાત્રા, નર્મદા પ્રેરણા યાત્રા, સાબરમતી પ્રેરણા યાત્રા, જયપુર પ્રેરણા યાત્રા જેવા વિવિધ પ્રવાસનું આયોજન કરી મળતા ફંડનો ઉપયોગ નાના ગૃહઉદ્યોગ કે જે ભારતની પુરાતન સંસ્કૃતિથી જોડાયેલ છે એમના વિકાસ પાછળ કરે છે. નિતિનભાઇની આ પ્રકારની કામગીરી માટે એમને **નારાયણ મૂર્તિ અને APJ અબ્દુલ કલામ સાહેબ** દ્વારા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત એમણે **૧૪ જેટલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર** પ્રાપ્ત કર્યા છે. એમના **જીવનનું મિશન “Serve Happiness” – લોકોમાં ખુશી, સંતુલન અને સેવાભાવ ફેલાવવાનો છે.** એમણે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યુ કે મહાન વ્યકિતઓના જીવન ચરિત્ર અંગેના પુસ્તકોનુ વાંચન કરવું જોઇએ. જીવન જીવવાનો લક્ષ્ય હોવો જોઇએ અને તે ગમે ત્યારે સાર્થક થશે જ.